# ભગવાનને પામવા પ્રાણીઓ પર ભગવદ્‌ભાવ રાખો



**ભા**ગવતકારે સ્પષ્ટ કહી દીધું છે કે આ યુગમાં ભગવદ્‌ભક્તિનો માર્ગ જ સુલભ છે. એમ હોય તો મનુષ્ય ભગવાનને ક્યાં અને કઇ રીતે ભજે? ભગવાન સર્વ સ્થળે છે, તેથી તેને ભજવાનું સારામાં સારું ને સમજી શકાય તેવું સ્થાન પ્રાણીમાત્ર છે. પ્રાણીમાત્રમાં જે દુઃખી છે, જે અપંગ છે, જે નિરાધાર છે, તેની સેવા ભગવદ્‌ભક્તિ છે. પાદસેવનમ્ ભક્તિમાં માત્ર ચરણસેવા નથી, સર્વની સેવા છે. ભગવાનનાં પાદ સર્વત્ર પડેલાં છે. ભગવાનનો વાસ સર્વત્ર છે. સેવા એટલે ભગવાનમાં મન પરોવવાની કૃતિ. સેવા એટલે નિષ્કામભાવથી ઈશ્વર પ્રીત્યર્થે કામ કરવું. આમ હોય તો સેવા ઘર અને મંદિર પૂરતી મર્યાદિત શા માટે?

પાટણમાં જૈન સાધુઓએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે પ્રાણીમાત્ર ભગવાનના અંશરૂપ ગણાય. પુરુષ, પ્રકૃતિ, પંખી, જલ, સ્થળ, વૃક્ષ બધામાં ભગવાન અંશરૂપે વિરાજે છે એટલે અંશરૂપ વિરાજતા ભગવાનની કોઈ પણ કૃતિની, મનસા, વાચા, હિંસા કરવાની મનાઈ છે. પ્રાણીમાત્રમાં ભગવાનનો અંશ છે, તે અદ્‌ભુત દર્શન છે. એથી પ્રેમને કુટુંબીજનોથી પ્રાણીમાત્ર સુધી, મંદિરથી સમગ્ર જગત સુધી અને સ્વથી પરબ્રહ્મ સુધી વ્યાપક બનાવીએ. પ્રેમ વિના સેવા દીપે નહીં. પ્રાણીમાત્ર પર નિષ્કામ અને નિઃસ્વાર્થ પ્રેમ એટલે કૃષ્ણ પર પ્રેમ અને આવી પ્રાણીમાત્રની સેવા એટલે કૃષ્ણસેવા.

ગીતાના બારમા અધ્યાયમાં ભક્તનાં લક્ષણ વર્ણવ્યાં છે. ભક્ત કોઈ પણ પ્રાણીનો દ્વેષ ન કરનારો હોય, પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ રાખનારો હોય અને કરુણાથી ભરેલો હોય. નરસિંહ મહેતાએ પણ વૈષ્ણવને પારકાનાં દુઃખમાં

**રામદાસ ગાંધી**

એની સાથે ઊભો રહેનાર ગણાવ્યો છે. એટલે તનુનો અને વિત્તનો ઉપયોગ કરી પ્રાણીમાત્રમાં રહેલા પ્રભુના અંશની સેવા કરીએ.

ભગવાનને પણ કોઈ વાર મંદિરમાં કે ઘરમાં રહેવાનો કંટાળો આવે. મંદિરના અને ઘરના સેવકોથી ભગવાન કોઈ વાર કંટાળે. એમને અન્ય ભક્ત પર પ્રેમ કરવો હોય, અન્ય જોડે મૈત્રી કરવી હોય, કોઇને મદદ કરવી હોય, કોઈ પર કરુણા કરવી હોય, કોઈની સેવા કરવી હોય, કોઈને મળવું હોય તો શું કરવાનું? ઘરમાં કે મંદિરમાં પુરાઈ રહેવાનું? ભગવાને બહાર નહીં નીકળવાનું? એમને વરસાદમાં ભીંજાવા, ગરમીમાં વૃક્ષની છાયા નીચે વિસામો લેવા અને ઠંડીમાં ગોદડી ઓઢાડી ઠંડી માણવા બહાર ન લઈ જવાય? અન્યમાં પણ ભગવાન બેઠો છે એવા ભાવથી અન્યની સેવા ન થાય? ભગવદ્ પ્રાપ્તિનો સૌથી સરળ ઉપાય કૃષ્ણે ઉદ્ધવને કહ્યો છે. મન, વાણી અને શરીરથી સર્વ પ્રાણીઓમાં ભગવદ્‌ભાવ રાખવો એ ભગવાનને પામવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. ભક્ત સર્વ પ્રાણીઓમાં સમદૃષ્ટિ રાખનારો હોય એટલે સર્વ પ્રાણીઓ જુદી જુદી લીલા માટે પ્રગટ થયેલાં ભગવાનનાં સ્વરૂપ છે, એવો ભાવ મહત્ત્વનો છે. ભગવાન સર્વરૂપ છે. કૃષ્ણ ખેલ પણ છે, ખેલાડી પણ છે અને ખેલનું મેદાન પણ છે.

**(ભક્તિગાથા)**

# ધર્મ, વિજ્ઞાન અને તત્ત્વનો ત્રિવેણીસંગમ

**ધ**ર્મનો સંબંધ સમગ્ર સૃષ્ટિ સાથે છે. સૃષ્ટિમાંનો દોષ વિચાર ધર્મથી અલગ નથી, તેથી ધર્મનો સંબંધ વિજ્ઞાન સાથે પણ છે. ધર્મ અને વિજ્ઞાન બંનેનો હેતુ જગતનાં છુપાં રહસ્ય શોધવાં અને સમજાવવાનો ધર્મ છે. ધર્મ અંતઃકરણથી તેની શોધ કરે છે, જ્યારે વિજ્ઞાન આંખ અને કાનથી તેની શોધ કરે છે. વિજ્ઞાનની કસોટી ભૌતિક છે, ધર્મની કસોટી આધ્યાત્મિક છે. વિજ્ઞાન બુદ્ધિથી સમજવા મથે છે, ધર્મ હૃદયથી સમજવા મથે છે. વિજ્ઞાન ધર્મ કે ઈશ્વરને સ્વીકારવાની ના પાડે છે, પરંતુ ક્યારેક તેની સામેની દલીલો પાંગળી થઈ જાય છે. એક વખત બે વૈજ્ઞાનિકમાં એક આસ્તિક અને બીજો નાસ્તિક - સામસામે દલીલમાં ઊતર્યા. ઈશ્વરમાં માનનાર વૈજ્ઞાનિકે રાત્રે એક પેઈન્ટિંગ તૈયાર કર્યું, જેમાં સમગ્ર બ્રહ્માંડનો સમાવેશ કર્યો. સવારે તેનો વૈજ્ઞાનિક મિત્ર આવ્યો અને પૂછ્યું, 'આ પેઈન્ટિંગ કોણે તૈયાર કર્યું?'

**ધર્મભૂમિ**

મિત્રએ જવાબ આપ્યો, એ તો એમજ બની ગયું, સ્વતઃ, આપબળે. મિત્રએ કહ્યું, કદાપિ ન બને. કોઈ વ્યક્તિ વગર આ ચિત્ર તૈયાર જ ન થઈ શકે. હવે બીજા મિત્રએ જવાબ આપ્યો કે તો પછી, આ બ્રહ્માંડની રચના શું કોઈ ઈશ્વરીય શક્તિ વગર શક્ય છે? પ્રસિદ્ધ ચિંતક અને વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન કહે છે કે વિજ્ઞાનની પ્રયોગશાળામાં સૂક્ષ્મ પદાર્થોનું વજન કરવાનો કાંટા હોય છે, એવા કાંટા વડે ધર્મ જોખી શકાતો નથી. વિજ્ઞાન ક્યારેક આધ્યાત્મને સમજવા અસમર્થ બને છે.

તેનું કારણ એ છે કે ધર્મભાવના અને તત્ત્વભાવના એ બે એકબીજાથી ભિન્ન છે અને તેમની વચ્ચે

**ઉષાબહેન પટેલ**

નૈસર્ગિક જ ભેદ છે. જેનામાં ધર્મભાવના હોય તે તત્ત્વભાવનાથી વંચિત રહે છે અને તત્ત્વભાવનાવાળો ધર્મભાવનાથી વંચિત રહે છે. એક હૃદયથી જન્મે છે, બીજીનો જનક બુદ્ધિ છે. એક શ્રદ્ધાનું જળ પીને પુષ્ટ બને છે, બીજીને તર્કનો આશ્રય લેવો પડે છે. આથી આ બંનેમાંથી કોઈ પણ એક સંપૂર્ણ રીતે પ્રગતિ કરી શકતા નથી. આ બંને એકબીજાથી જુદા સ્વભાવના છે, છતાં તેનો સંયોગ ન થઈ શકે એમ નથી, તેમનામાં સખ્યત્ત્વ સંભવી શકે છે. એકલી ધર્મભાવના આંધળી છે અને એકલી તત્ત્વભાવના પાંગળી છે અને બન્નેએ તો 'અંધપંગુન્યાયે' એકબીજાના સહકારમાં જોડાઈ જવું જોઈએ. 'અંધપંગુન્યાય' એટલે આંધળાના ખભા ઉપર લૂલો બેસે અને માર્ગ બતાવતો જાય અને એકબીજાના સહારે ધ્યેય સુધી પહોંચી જાય.

ભારતવર્ષમાં તો બંને ભાવના એકત્ર થઈ છે, તેથી જ ભારતવર્ષીય સંસ્કૃતિનું ચિત્ર સુંદર અને આકર્ષક બન્યું છે. એ ચિત્રને વધારે સુંદર કોઈએ બનાવ્યું હોય તે શ્રી વલ્લભાચાર્ય જ છે. શ્રી શંકરાચાર્યે ફિલસૂફીના ગહન વિચારો તેમના બ્રહ્મસૂત્રના ભાષ્યમાં કર્યા છે, પણ તેમાં ધર્મભાવના નથી. શ્રી રામાનુજાચાર્યે તત્ત્વભાવનાના ચિત્રમાં ધર્મભાવનાના રંગ પૂર્યા, પણ હજુ તે રંગો આકર્ષક અને નિત્યકાલીન નહોતા. તે કામ તો શ્રી વલ્લભાચાર્યએ જ કર્યું. તેમણે તત્ત્વજ્ઞાનને પણ મનુષ્યજીવનના ધ્યેય સાથે બંધ બેસાડ્યું. જીવન ધ્યેય એ ભગવદીય ભાવ. અગર પ્રભુપ્રાપ્તિ માટે તત્ત્વજ્ઞાન પણ તે વિશેનું જ યર્થાથ જ્ઞાન આપનાર હોવું જોઈએ. ધર્મભાવના એ પ્રભુને ધ્યેય માન્યું, પણ તે પ્રભુ કેવા છે એનું જ્ઞાન જો બરાબર ન થાય તો ધર્મભાવના ધ્યેયની સિદ્ધિ કરી શકે નહીં. માટે જ તત્ત્વભાવનાની પણ જીવનમાં જરૂર છે. તત્ત્વભાવના પ્રભુ વિશેનું જ્ઞાન આપે. વિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થયેલા સૃષ્ટિવિષયક જ્ઞાનને ધર્મભાવનાના રંગે રંગી પ્રભુ માટે પ્રેમ કરાવે. આમ ધર્મ, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ત્રિવેણીસંગમ વિશેની ફિલસૂફી શ્રી વલ્લભાચાર્યની વિશિષ્ટતા છે.







# લાખો શ્રદ્ધાળુઓએ માધવબાગ લક્ષ્મીનારાયણ મંદિરમાં છપ્પનભોગનાં દર્શન કર્યાં

**લ**ક્ષ્મીનારાયણ મંદિર - માધવબાગ મધ્યે આરાધ્ય દેવ શ્રી લક્ષ્મીનારાયણ તથા અન્ય દેવો સમક્ષ ધરાવવામાં આવેલ છપ્પનભોગનાં લાખો શ્રદ્ધાળુઓએ દર્શન કર્યાં હતાં. અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે બીજી સપ્ટેમ્બર, રવિવારના રોજ ટ્રસ્ટ દ્વારા મોટા મનોરથના ભાગરૂપે આયોજિત આ છપ્પનભોગનું આયોજન કરવામાં આવ્યું છે. તદુપરાંત ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ અલૌકિક લીલાઓનું સજીવન કરતા દર્શનીય પ્રદર્શનનું ભવ્ય આયોજન ટ્રસ્ટની પ્રબંધ સમિતિએ અત્યંત ભાવ સાથે કર્યું હતું. ટ્રસ્ટના ચૅરમૅન મહેશભાઈ શાહ સાથે કૃષ્ણકાંતભાઈ ચિતલિયા, બિપીનભાઈ મથુરિયા તથા અન્ય ટ્રસ્ટી ગણ સહિત જણાવ્યા મુજબ કેટલાય દિવસથી દર્શન માટેની તૈયારી કરી હતી.

રાજ્યના વિધાનસભ્ય મંગલપ્રભાત લોઢા, કેન્દ્રના ઊર્જા ખાતાના રાજ્ય કક્ષાનાં ભૂતપૂર્વ પ્રધાન જયવંતીબહેન મહેતા, ભૂતપૂર્વ વિધાનસભ્ય અતુલ શાહ, ભૂતપૂર્વ નગરસેવક શરદ પેટીવાલા, ડેપ્યુટી મેયર શૈલજા ગિરકર સાથે શ્રી બાબુલનાથ મંદિર, શ્રી મહાલક્ષ્મી મંદિર, શ્રી મુંબાદેવી મંદિર તથા શ્રી નરનારાયણ મંદિરના પદાધિકારીઓ તથા સર્વે ટ્રસ્ટી ગણ તથા કપોળ તથા વૈષ્ણવ સમાજના અનેક શ્રેષ્ઠીવર્યો, ઉદ્યોગપતિઓ વગેરે સહપરિવાર ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. ભગવાન શ્રી બાલકૃષ્ણ લાલજીના જન્મથી બાળપણની વિવિધ અલૌકિક લીલાઓ, કારાવાસમાં જન્મ, ગોકુળ આગમન, નાગદમન, રાસલીલા, કાલીય નાગમર્દન, વિરાટ સ્વરૂપ, માખણચોર, મટકીફોડ, વિષ્ણુ અવતાર સાથે ૮૦ ફૂટના હનુમાનજીની વિરાટ મૂર્તિ જેવાં ભવ્ય દર્શનના આયોજનમાં દર્શનાર્થીઓના અત્યંત તીવ્ર ધસારાને પહોંચી વળવા સર્વને લાભ મળે તે ઉમદા હેતુથી તા. ૨-૯-૨૦૧૨થી તા. ૬-૯-૨૦૧૨ પાંચ દિવસ માટે દર્શન ખુલ્લાં રાખવામાં આવેલ, જેનો લાભ સમસ્ત મુંબઈ, પરાં વિભાગ વગેરે અનેક વૈષ્ણવોને મળેલ તથા શ્રી શીતલભાઈ ઠક્કરે સ્વયંસેવકોનું કામકાજ તથા વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે સંભાળેલ.

# ૨,૧૨,૦૦૦ ગણેશમૂર્તિ બનાવવાનો સંકલ્પ સિદ્ધ કરતાં રમાબહેન શાહ

**વ**ર્ષ ૨૦૦૦થી ગણેશમૂર્તિઓનું નિર્માણ કરતાં રમાબહેન શાહ આજે સ્વહસ્તે ૨,૧૨,૦૦૦ મૂર્તિઓ બનાવવાનો રેકોર્ડ પૂર્ણ કરી ફરી એક વાર સફળતાનું નવું શિખર સર કરી રહ્યાં છે. બાર વર્ષ પહેલાં તેમણે શરૂ કરેલી આ સાધના વિશ્વવિક્રમ બની ગઈ છે.

સાયનમાં રહેતા રમાબહેન સતીષભાઈ શાહ-કેસરવાળાને વર્ષ ૨૦૦૦માં સ્વપ્નમાં આકાશમાં ગણેશજીની ઝળહળતી મૂર્તિના દર્શન થયા અને તે દ્વારા તેમને મૂર્તિ બનાવવાની સ્ફૂરણા થઈ. ત્યારથી તેમની આ સાધના ચાલુ જ છે. જૈન હોવા છતાં તેઓ



ગણેશજીમાં અપાર શ્રદ્ધા ધરાવે છે. આંખે પાટા બાંધીને તેઓ ગણેશજીની વિવિધ આકાર, રંગ, રૂપ, મુદ્રા ધરાવતી પ્રતિમાઓ બનાવે છે. કોઈપણ જાતના મોલ્ડ-બીબા વગર બનાવેલી આકર્ષક, વોશેબલ મૂર્તિઓ એક જુઓ તો એક ભૂલો એવી હોય છે. તેમની આ કળાનું સન્માન કરતાં અનેક એવોર્ડ તેમને મળ્યા છે. ઉપરાંત તેમનાં નામે અનેક એવોર્ડ પણ છે.

તેમણે ૯૯ દિવસમાં ૯,૯૯૯ મૂર્તિઓ બનાવી છે. એવી જ રીતે ૨૪ કલાકમાં ૯૯૯ અને ૧૧ વર્ષમાં ૧,૫૦,૦૦૦ મૂર્તિઓનું સ્વહસ્તે સર્જન કર્યું છે. મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિરમાં સળંગ બાર કલાક સુધી બેસી મૂર્તિ બનાવવાનો તેમનો વિક્રમ છે. આ ઉપરાંત રિપ્લીસ બિલિવ ઈટ નોટ, વર્લ્ડ રેકોર્ડસ એકેડેમી (બે વાર), લિમ્કા બુક ઓફ રેકોર્ડસ (૧૧ વાર), ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ (બે વાર), યુનિક વર્લ્ડ રેકોર્ડ, વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા, ધ કોન્ટેમ્પરરી હુઝ હુ-યુ.એસ.એ., વોકેશનલ એક્સલન્સ એવોર્ડ, સ્વામી શ્રી વલ્લભદાસ કલા એવોર્ડ, સ્ટાર મહિલા રત્ન એવોર્ડ, નારીરત્ન એવોર્ડ વગેરે... યાદી ઘણી લાંબી છે. લાયન્સ, રોટરી, જાયન્ટસ, બ્રહ્માકુમારી જેવી અનેક સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું છે અને તેમનાં સ્ટેજ શો યોજ્યા છે. બીબીસી, આસ્થા, સ્ટારપ્લસ વગેરે અનેક ચેનલોએ પણ તેમની કલા પ્રદર્શિત કરતા કાર્યક્રમો રજૂ કર્યા છે.

રમાબહેનના વિક્રમોની યાદી વાંચતા થાકી જવાય, પણ ગણેશમૂર્તિ બનાવતી વખતે



રમાબહેન થાકવાને બદલે અધિક ઉત્સાહી દેખાય છે. આંખો પર રૂ મૂકી તેના ઉપર પાટો બાંધી મંત્ર ઉચ્ચારતાં, મૂર્તિ બનાવતાં રમાબહેનને જોઈ લોકો શ્રદ્ધાપૂર્વક શીશ નમાવે છે. પોતાની કલાને સાધના ગણાવતાં રમાબહેન કહે છે કે મૂર્તિઓ બનાવતી વખતે થાક લાગવાનો તો પ્રશ્ન જ નથી. કંઈ પણ ખાધાપીધા વગર હું કલાકોના કલાકો સુધી એક જ જગ્યાએ બેસી મારું કાર્ય કરી શકું છું. આ તો ભક્તિ છે. એક વાર સંકલ્પ કર્યો તો એ પૂરો કરવો એ મારો નિયમ છે. પોતે બનાવેલી મૂર્તિઓથી અન્યના ઘરમાં સુખશાંતિ અને સમૃદ્ધિ આવે છે. તેમના કાર્યો પાર પડે છે એ જાણીને રમાબહેન પ્રસન્ન થાય છે અને એ માટે પોતાને નિમિત્ત બનાવવા ઈશ્વરનો આભાર માને છે.

નાનપણથી આર્ટ અને ક્રાફ્ટનો શોખ ધરાવતાં રમાબહેન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ પણ લે છે અને વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા પણ આપે છે. સંસ્થાઓ, મંડળોના આમંત્રણનો સ્વીકાર કરી પોતાની કલા દર્શાવે છે જેથી અનેક લોકો મૂર્તિના દર્શન કરી શકે. નાનપણમાં તેમણે ડ્રોઈંગની એલિમેન્ટ્રી પરીક્ષા પાસ કરી હતી પરંતુ ઈન્ટરમિડિયેટની પરીક્ષા આપવાની રહી જતી હતી. વર્ષ ૨૦૧૦માં તેમણે પોતાની વ્યસ્ત દિનચર્યામાંથી સમય ફાળવી આ પરીક્ષા પણ 'એ' ગ્રેડ સાથે પાસ કરી છે. સેન્ટરમાં તેમની ઉંમરનું કોઈ ન હોવા છતાં સંકોચ રાખ્યા વગર તેમણે પરીક્ષા આપી અને સફળતા મેળવી.


નડિયાદના સંયુક્ત કુટુંબમાં જન્મેલાં રમાબહેન ૧૯ વર્ષની વયે લગ્ન કરીને મુંબઈ આવ્યાં. ગૃહિણી, પુત્રવધૂ, પત્ની, માતા જેવી બધી જ જવાબદારી સુપેરે સંભાળતા સંભાળતા તેમણે પોતાની આ કલા-શોખને જાળવી રાખ્યો છે. તેમના પતિ સતીષભાઈ શાહ પણ હંમેશા તેમને પ્રોત્સાહન આપતા રહ્યા છે. પારિવારિક જવાબદારી સંભાળવાની સાથે તેઓ સામાજિક ક્ષેત્રે પણ એટલા જ કાર્યરત છે. એસ.ઈ.ઓ. ઉપરાંત પોલીસ પીસ કમિટી, મહિલા દક્ષતા કમિટીના સભ્ય છે. તેઓ કહે છે કે કોઈપણ ક્ષેત્રે સફળ થવા માટે પુરુષાર્થ ખૂબ જરૂરી છે. સતત પુરુષાર્થ કરતા રહેશો તો પ્રારબ્ધ તમને જરૂર સહાય કરશે.




Janmabhoomi Group Website :www.janmabhoominewspapers.com


# children's corner






Place numbers into the puzzle cells in such a way that each row and column contains each of the digits from 1 to 5. No number is repeated in any row or column. Each bold-outlined group of cells contains a hint consisting of a number and one of the mathematical symbols + x - / . The number is the result of applying the mathematical operation represented by the symbol to the digits contained within the domain.

Solution

| | | | | |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 3 | 1 | 4 | 5 | 2 |
| 4 | 3 | 5 | 2 | 1 |
| 5 | 4 | 2 | 1 | 3 |
| 2 | 5 | 1 | 3 | 4 |

## Golden thought

**"Success is falling nine times and getting up ten."** -Jon Bon Jovi

## Do you know ?

·India is the world's largest producer of dried beans, such as kidney beans and chickpeas. It also leads the world in banana exports; Brazil is second.

·With 150,000 post offices, India has the largest postal network in the world. However, it is not unusual for a letter to take two weeks to travel just 30 miles.

·The Bengal tiger is India's national animal. It was once ubiquitous throughout the country, but now there are fewer than 4,000 wild tigers left.

